**DATE: 24/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# ભરૂચમાં પ્રોહિબિશનના ગુનામા વૉન્ટેડ આરોપીઓને ઝડપી પાડયા

ભરૂચ : ભરૂચ એલ.સી.બી.ના પોલીસ ઈન્સપેક્ટર એમ.પી.વાળાએ એલ.સી.બી.ના અધિકારી અને કર્મચારીઓને વોન્ટેડ આરોપીઓની માહીતી એકત્ર કરી આરોપીઓ શોધી કાઢી કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ જેથી પો.સ.ઈ. એમ.એમ.રાઠોડ એલ.સી.બી. ભરૂચની ટીમ દ્વારા (૧) જીગ્નેશ ઉર્ફે જીગો કીરીટભાઈ કાંતીલાલ પરીખ જે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતામાં હોય તેને ટ્રાન્સફર વોરંટના આધારે કસ્ટડી મેળવી તથા (૨) પ્રકાશ ઉર્ફે લાલો રમેશભાઈ નટવરભાઈ વસાવા રહેવાસી, અંકુર સોસાયટી, ભરૂચ (૩) રણજી ચતુરભાઈ સોમાભાઈ વસાવા રહેવાસી, માંડવા ગામ, વસાવા ફળીયુ તા. અંકલેશ્વર અને (૪) સુરેશ ભીખાભાઈ વાળંદ રહેવાસી રહે, ઝનોરને ઝડપી પાડવામાં આવ્યા હતા ઝડપાયેલા આરોપીઓ નબીપુર પો.સ્ટે.ના પ્રોહોબિષન ના ગુનામાં વોન્ટેડ હતા. આરોપીઓને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા અંગે એમ.એમ.રાઠોડ પોલીસ સબ ઈન્સપેક્ટર એલ.સી.બી ભરૂચ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવ્યા છે.

**DATE: 25/06/2024 CATEGORY: GREEN**

**E-PAPER SANDESH PAGE-11**

# કોસમડીમાં મારામારીની ઘટનામાં વધુ ત્રણ આરોપી ઝડપાયા

અંકલેશ્વર : અંકલેશ્વરના કોસમડી ગામ નજીક માતંગી પેટ્રોલ પંપ પાસે થયેલ મારામારીની ઘટનામાં સંડોવાયેલ વધુ ત્રણ ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા અંકલેશ્વરના કોસમડી ગામ નજીક માતંગી પેટ્રોલ પંપ પાસે થયેલ મારામારીની ઘટનામાં સંડોવાયેલ વધુ ત્રણ ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા

ગત શનિવારની સાંજે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ વૃંદ રેસિડેન્સીમાં રહેતા પ્રદીપ પ્રવીણ સીલું અને તેઓના ભાગીદાર જિગ્નેશ ચીમન પટેલ અને મિતુલ મનસુખ દવેને નજીવા મુદ્દે યુસુફ ઉર્ફે લેન્ધો યાકુબ,માઝ બસીર પટેલ,ઈસ્માઈલ બસીર પટેલ,બસીર પટેલ અને યાસીન યાકુબ બદાત સહીત નવ લોકો લોખંડની પાઈપો લઈ આવી માથાકૂટ કરી અપશબ્દો ઉચ્ચારી ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. આ મારામારીમાં ઈજાઓને પગલે ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. મારામારી અંગે જી.આઈ.ડી.સી.પોલીસે ગુનો નોંધી ગતરોજ હુમલાખોર બસીર ઈસ્માઈલ આદમ પટેલ,ઈસ્માઈલ બસીર ઈસ્માઈલ પટેલને ઝડપી પાડ્યો હતો.જ્યારે આજરોજ વધુ ત્રણ ઈસમો સાજિદ મોહમંદ બસીર ઈસ્માઈલ પટેલ અને યુસુફ ઉર્ફે લેન્ધો યાકુબ બદાત,મોહમંદ અસલમ સિરાજ અહમદ બેલીમને ઝડપી પાડ્યા હતા.

**DATE: 25/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## 2.48 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# હાંસોટનો બૂટલેગર દઢાલ ગામે દારૂ પહોંચાડે તે પહેલાં ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

હાંસોટનો બુટલેગર મોહંમદ સોએબ ઉસ્માન ગની શેખ કારમાં દારૂનો જથ્થો ભરી દઢાલ તરફ જનાર છેતેવી બાતમી મળતાં એલસીબીએ રાજપીપળા રોડ ઉપર આવેલ સોનમ સોસાયટી પાસે વોચ ગોઠવી હતી. બાતમી મુજબની કાર આવતાં પોલીસે તેને કોર્ડન કરી લીધી હતી. કારની તલાશી લેવામાં આવતાં તેમાંથી દારૂના 480 નંગ પાઉચ મળી આવ્યાં હતાં. 48 હજારનો દારૂ તથા કાર મળી કુલ 2.48 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હાંસોટના ખિડકી ફળિયામાં રહેતા બુટલેગરની ધરપકડ કરવામાં આવી છે. આરોપી બુટલેગર અંકલેશ્વરના કાગડીવાડમાં રહેતાં શાહરૂખ પઠાણ પાસેથી લઈ દઢાલની સુશિલાને આપવા જતો હોવાની કબુલાત કરી હતી. પોલીસે શાહરૂખ અને સુશિલાને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

**DATE: 26/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંદાડા ગામે દંપતી પર હુમલો કરનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંદાડા ગામ ખાતે આવેલ હરિ કૃપા સોસાયટીમાં રહેતા કલાવતી પાટીલ અને તેમના પતિ ઉત્તમ પાટીલ પર ખરોડ ગામ ખાતે રહેતા સિકંદર ડામોર નામ નો ઈસમ પોતાની પત્નીને તેમનો પુત્ર રામેશ્વર ભગાડી ગયો હોવાની શંકા એ હુમલો કર્યો હતો. બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગણતરીના સમયમાં હુમલાખોર ઈસમ ને ઝડપી પાડ્યો હતો.

**DATE: 26/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઝનોર ગામે જુગાર રમતાં બે ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચના ઝનોર ગામે પાસે નાંદ ગામ તરફ જવાના રોડ પર બાવળોની ઝાડીમાં કેટલાંક જુગાર રમી રહ્યાં હોવાની બાતમીના આધારે નબીપુર પોલીસે ગુનો નોંધ્યો હતો. ટીમે અશ્વિન મહેશ માછી તેમજ સંજય અંબુ માછીને પત્તાપાનાનો જુગાર રમતાં ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલાં જુગારિયાઓની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં રૂપિયા મળી કુલ 4500 રૂપિયા જપ્ત કર્યાં હતાં.

**DATE: 26/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# આમોદ તાલુકાના એક ગામે સગીરાની છેડતી કરનાર યુવક સામે ફરિયાદ

આમોદ તા.૨૫

આમોદ તાલુકાના એક ગામમાં એક સગીરાની બે બાળકોના પિતાએ છેડતી કરતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે યુવક સામે છેડતી તેમજ પોસ્કો એક્ટ મુજબ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

## સગીરાને ધમકી આપનારની યુવકની ધરપકડ કરાઈ

આમોદ તાલુકાના એક ગામમાં રહેતી સગીરા ગામમાં આવેલી દુકાને કોઈક સામાન લેવા જતી ત્યારે સુનીલ રાવજી વસાવા સગીરાની અવાર નવાર પીછો કરી સગીરાનો હાથ પકડી ’હું તને પ્રેમ કરું છું,તું મને પ્રેમ કરે છે?’ તેવી વાત કરી તેમ જ ’ચાલ મારી સાથે ખેતરમાં’,જેવી વાતો કરી સગીરાની છેડતી કરતો હતો.જેથી સગીરા તેના તાબે નહી થતાં ’હું તને અને તારા બાપને જીવતા નહી રહેવા દઉં’તેવી ધમકીઓ પણ આપતો હતો.જે બાબતની ફરિયાદ ગત રોજ પોલીસ મથકે સગીરાના પિતાએ આપતા પોલીસે આરોપી સુનીલ રાવજી વસાવાની ધરપકડ કરી તેની સામે કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 27/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### અંકલેશ્વરની રાજપીપલા ચોકડી નજીકથી

# કારમાં લઈ જવાતા દારૂના જથ્થા સાથે હાંસોટનો બૂટલેગર ઝડપાયો

**અંકલેશ્વર તા. ૨૬**
**અંકલેશ્વરની રાજપીપલા ચોકડી નજીકથી પસાર થતી આઈ-૨૦ કારમાંથી ભરૂચ એલસીબી પોલીસે દારૂના જથ્થા સાથે હાંસોટના બુટલેગરને ઝડપી પાડ્યો હતો.**

## દારૂનો જથ્થો અંકલેશ્વરના બૂટલેગરે આપ્યો હોવાની કબૂલાત, કુલ ૨.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત

ભરૂચ એલસીબી પોલીસની ટુકડી અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે હાંસોટનો બુટલેગર મોહમ્મદ શેખ કારમાં દારૂનો જથ્થો ભરી અંકલેશ્વરની રાજપીપલા ચોકડીથી દઢાલ ગામ તરફ જઈ રહ્યો છે.જેવી બાતમીના આધારે ભરૂચ એલસીબી પોલીસે વોચ ગોઠવી હતી દરમ્યાન કાર આવતા તેને રોકી તપાસ કરતા તેની ડીકીમાંથી ઈંગ્લીશ દારૂના કુલ ૪૮૦ પાઉચ કિં. રૂ. ૪૮૦૦૦ મળી આવતા પોલીસે બુટલેગર ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે રૂ. બે લાખની કાર સહિત કુલ રૂ.૨,૪૮,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસની પ્રાથમિક પુછપરછમાં તેણે જણાવ્યુ હતુ કે આ દારૂનો જથ્થો તેને અંકલેશ્વરના કસ્બાતીવાડના શાહરુખ પઠાણે ભરી આપ્યો હતો.

**DATE: 27/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અમરેલીનો આરોપી ગુમાનદેવથી પકડાયો

# વકફની જમીનના કૌભાંડમાં 7 માસથી ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના કોસમડી અને જીતાલી ગામની હદમાં વકફબોર્ડની જમીન ખોટા દસ્તાવેજોના આધારે વેચી મારવા સંદર્ભમાં નોંધાયેલી ફરિયાદમાં નાસતા ફરતાં અમરેલીના આરોપીને પોલીસે ઝડપી પાડયો છે.વકફ બોર્ડની જમીન વેચી મારવાના કૌભાંડમાં અંકલેશ્વરમાં 4 જેટલી ફરિયાદ નોંધાવી હતી. જેમાં અમરેલીના રહેવાસી ઈકબાલ ઈસા ડેરૈયા પણ એક આરોપી હતો. જે 7 મહિના ઉપરાંતથી પોલીસ પકડથીનાસતોફરતો હતો. પોલીસને આરોપી અંગે ચોકકસ બાતમી મળી હતી કે આરોપી ગુમાનદેવ પાસે આવેલાં પેટ્રોલપંપ પાસે હાજર છે. બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડી તેને ઝડપી પાડી અંકલેશ્વર બી ડિવિઝન પોલીસના હવાલે કર્યો છે. આરોપી સામે અંકલેશ્વરના જીઆઈડીસી અને બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મળી કુલ 4 ગુના નોંધાયેલાં છે.

**DATE: 27/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

**ઘર કા ભેદી લંકા ઢાયે** સ્પોર્ટ્સના સાધનોના બિલની ઉઘરાણી વેળા રેકી કરતાં હતાં

# ટંકારિયા-કંબોલી ગામે ₹ 36.59 લાખની ચોરીમાં ગામના જ 2 સહિત 4 સકંજામાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં કંબોલી ગામે તેમજ ટંકારિયાના લારીયા સ્ટ્રીટમાં બે સ્થળેથી માર્ચ અને એપ્રિલ મહિનામાં સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ 36.59 લાખની મત્તાની ચોરી થઈ હતી. પાલેજ પોલીસ તેમજ એલસીબીની ટીમના 35થી વધુ પોલીસ જવાનોએ બન્ને ગામોમાં મહિના સુધી તબક્કાવાર કેમ્પ રાખી બાતમીદારો થકી તસ્કરોના પગેરૂ શોધવાની કવાયત કરી હતી.
આખરે એલસીબી પીએસઆઈ ડી. એ. તુવરને બાતમી મળી હતી કે, ટંકારિયા ગામે રહેતો જૂનેદ ટીચુક તેમજ તેના મિત્ર મુબારક ભીમની બન્ને ચોરીઓમાં સંડોવણી છે. જેના પગલે તેમને બોલાવી પુછપરછ કરતાં તેઓ ભાંગી પડ્યાં હતાં. તેમણે કબુલ્યું હતું કે, તેમણે મોજશોખ માટે રૂપિયા જોઈતા હોઈ તેમણે જ બન્ને ચોરીઓને અંજામ આપ્યો હતો. ચોરીના દાગીના જૂનેદે ભરૂચ ખાતે રહેતાં તેના મિત્ર હેમંત કાપડિયાને વેચ્યો હતો. જે બાદ હેમંતે દાગીનાને ઓગળી નાંખવા મોતી બંગાળી નામના શખ્સને આપી તેના થકી અલગઅલગ સોની પાસેથી ઘરનું સોનું હોવાનું જણાવી તે પિગળાવી નાંખ્યું હતું. પોલીસે બંને તસ્કરોની સાથે તેમની પાસેથી સોનુ લેનારા મળી કુલ 4 આરોપીની ધરપકડ કરી તેમની પાસેથી કુલ 45 લાખનો મુદ્દામાલ રીકવર કર્યો છે.

## મોજશોખ માટે ચોરી કરી : 35 પોલીસના મહિનાથી ગામમાં ધામા

જૂનેદ કાપડીયા ટંકારિયા ગામે ક્રિકેટ સ્પોર્ટ્સની દુકાન ધરાવતો હોઈ તેના સાધનોના કંબોલી ગામે કેટલાંક બીલ ઉઘરાવવાના હોઈ તે તેના મિત્ર મુબારક ભીમ સાથે કેટલાંક મહિનાઓથી કંબોલી ગામે જતાં હતાં. દરમિયાનમાં એક મકાન નમાઝના સમયે બંધ રહેતું હોવાનું તેમજ સાંજના સમયે બે કલાક સુધી પરિવારજનો બહાર જતાં હોવાનું માલુમ હોઈ તેને ટાર્ગેટ કર્યું હતું. જ્યારે ટંકારિયા ગામના લારિઆ સ્ટ્રીટમાં પરિવારના સભ્યો લગ્ન પ્રસંગમાં ગયાં હોવાનું માલુમ પડતાં ત્યાં ચોરી કરી હતી.



## ઝડપાયેલાં આરોપીઓના નામ

**મહંમદ જૂનેદ અલી કાપડીયા - રહે. નાના પાદર, ટંકારિયા**
**મુબારક યાકુબ ભીમ - રહે. ભડ સ્ટ્રીટ, નાના પાદર, ટંકારિયા**
**હેમંત હરીલાલ કાપડીયા - રહે. કંસારવાડ, કોઠી પાસે, ભરૂચ**
**મોતી મોમીનજાન સરકાર - રહે. કંસારવાડ કોઠી પાસે, ભરૂચ**

## દરવાજા તોડવા ડ્રિલિંગ મશીન વાપરતાં

ઘરના દરવાજા અંદરથી બંધ હોઈ દરવાજાના સ્ટોપરની આસપાસ ત્રણ સ્થળે ડ્રીલ મશીનથી તેઓ કાણાં પાડતાં. જે બાદ કાણામાંથી કોઈ સ્ક્રૂડ્રાઈવર કે અન્ય કોઈ અણીદાર વસ્તુ નાંખી અંદરની સ્ટોપર ખોલી ઘરમાં પ્રવેશ કરતાં હતાં.

## કંબોલી ગામે મકાનમાંથી 14 લાખ અને ટંકારિયામાંથી 22.60 લાખની ચોરી

કંબોલી ગામે રહેતાં ઈશાક મોહંમદ પટેલ ગત 24મી માર્ચના રોજ સાંજના સમયે રમઝાન મહિનો ચાલી રહ્યો હોઈ તરાબી પઢવા માટે ગામની મસ્જીદમાં ગયાં હતાં. જ્યારે તેમની પત્ની તેમજ પુત્રી ઘરને તાળું મારી બાજુમાં રહેતા પરીચિતને ત્યાં નમાઝ પઢવા ગયાં હતાં. ત્યારે તેમના ઘરમાં ધાબાના દરવાજાનો નકુચો તોડી તસ્કરોએ તેમના ઘરમાં પ્રવેશી 14 લાખની ચોરી કરી ગયાં હતાં. જે બાદ 20મી માર્ચના રોજ ટંકારિયા ગામે રહેતાં ઈરફાન ઈનાયત લારીઆ તેમના પરિવાર સાથે ગામમાં એક લગ્ન પ્રસંગમાં હતાં. તે વેળાં તસ્કરોએ તેમના ઘરમાંથી કુલ 22.60 લાખની ચોરી કરી ગયાં હતાં.

**DATE: 27/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-07**



વિદ્યાર્થીઓને ડ્રગ્સથી થતાં દુષ્પ્રભાવ સંબંધે માહિતગાર કરાયા

# ભરૂચ પંથકમાં પોલીસ તંત્ર દ્વારા એન્ટી ડ્રગ્સ ડે ની ઉજવણી કરાઈ

## જિલ્લા પોલીસ નશીલા દ્રવ્યો ઝડપવા અંગે કટીબદ્ધ : પોલીસવડા

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં આજરોજ જે.પી.કોલેજ ખાતે એન્ટી ડ્રગ્સ ડે ઉજવણી કરવામાં આવી હતી.

એન્ટી ડ્રગ્સ ડે નિમિત્તે જે.પી.કોલેજ ભરૂચના સેન્ટ્રલ હોલમાં કોલેજના વિદ્યાર્થીઓને ડ્રગ્સના સેવનથી થતા દુષ્પ્રભાવ સંબંધે અને નશામુકિત સંબંધે ભરૂચ એસ.ઓ.જી. પોલીસ દ્વારા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જે.પી.કોલેજના પ્રિન્સીપાલ નિતીન પટેલ તથા એનસીસી પ્રોફેસર મોરી અને મુંબઈ ફાઉન્ડેશનના સભ્ય અફઝલ સલામનાઓ હાજર રહેલ હતા. આ ઉજવણી દરમ્યાન વિવિધ વકતાઓએ નશીલા દ્રવ્યોના સેવનથી યુવાનોને દુર અને સાવધાન રહેવા અપીલ કરી હતી.

જ્યારે નશીલા ડ્રગ્સ અંગે ટેલીફોની વાતચીત કરતા ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ જણાવ્યુ હતુ કે, જિલ્લા પોલીસ નશીલા દ્રવ્યોની હેરાફેરી તેમજ બદીને નાથવા અંગે કટીબધ્ધ છે. ભરૂચ જિલ્લામાં નશીલા દ્રવ્યનો ઉપદ્રવ છેલ્લા ૧૦ વર્ષથી વધુ પ્રમાણમાં જણાય રહ્યો છે. એક સમય એવો હતો કે જયારે ભરૂચ જિલ્લાના સીતપોણ ગામના ઈસ્માઈલ દેકા પાસેથી ખૂબ મોટી માત્રામાં બ્રાઉન્ડસુગર ઝડપાયુ હતુ. ભરૂચ જિલ્લા પોલીસ તંત્રની ડ્રગ્સ વિરોધી કાર્યવાહીની શરૂઆત આજ સમયથી થઈ હતી. સીતપોણ ખાતેથી મોટા જથ્થામાં નશીલા દ્રવ્યો ઝડપાતા રાતોરાત ભરૂચ જિલ્લો નશીલા દ્રવ્ય અંગે કુખ્યાત થઈ ગયો હતો. ત્યારબાદ સમયાંતરે ભરૂચ જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ગાંજો, બ્રાઉન્ડસુગર, મેફોડ્રીન વગેરે નશીલા દ્રવ્યો ઝડપાયા હતા. આ વરસે એટલે કે, વર્ષ ૨૦૨૪ ના સમય દરમ્યાન પણ જિલ્લા પોલીસની એસઓજી અને અન્ય શાખાઓ દ્વારા જિલ્લામાંથી મોટી સંખ્યામાં નશીલા દ્રવ્ય અને ખાસ કરીને મેફોડ્રીન નામના નશીલા દ્રવ્ય અને તેની સાથે સંકળાયેલા રેકેટને ઝડપી પાડવામાં આવ્યુ હતુ. તેના આશરે ૬ મહિના પહેલા જિલ્લાના જંબુસર તાલુકાના એક ગામમાંથી મેફોડ્રીન ડ્રગ્સ લેબોરેટરી ઝડપાઈ હતી જેના પગલે પોલીસ તંત્ર પણ ચોંકી ઉઠયુ હતુ. મેફોડ્રીન ડ્રગ્સ આ લેબોરેટરીમાં તૈયાર કરાતુ હતુ અને પેડલરો દ્વારા વિવિધ વિસ્તારોમાં મોકલવામાં આવતુ હતુ.

### નર્મદા જિલ્લા પોલીસની કામગીરી

નર્મદા જિલ્લા પોલીસદ્વારા ડ્રગ્સ વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં નર્મદા પોલીસે પત્રકાર પરિષદ બોલાવીજિલ્લા પોલીસ વડા પ્રશાંત શુમ્બે એ 3 વર્ષ માં પકડેલા ગાંજા ના આંકડા જાહેર કર્યાહતા.જેમાં "ડ્રગ્સને ના કહો જિંદગીને હા કહો"ના સૂત્રો,બેનર સાથે નગરમાં નર્મદા પોલીસે રેલી કાઢી હતી. જે રેલી લોક આકર્ષણનો કેન્દ્ર બની હતી.પોલીસવડા પ્રશાંત શુમ્બેએ લીલી ઝંડી ફરકાવી રેલીનું પ્રસ્થાન કરાવ્યુ હતું પોલીસવડા પ્રશાંત શુમ્બેના જણાવ્યા અનુસાર ૨૦૨૨ માં નર્મદા પોલીસે NO NDPS ના કેસોમાં ૧૭ આરોપીઓ ઝડપ્યા હતા. જયારે રૂ 33 લાખનો ૧૧૩૨કિલો પોશ ડોડાનો જંગી જથ્થો નર્મદા પોલીસે પકડ્યો હતો.૨૦૨૪માં બે કેસ કર્યા જેમાં ૬ આરોપીઓ પકડાયા હતા.

**DATE: 28/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### દાંડીયાબજાર ખાતે સેમિનાર યોજાયો હતો

# ભરૂચમાં વ્યાજખોરો વિરુદ્ધ એક પણ ફરિયાદ પોલીસને ન મળી



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ગેરકાયદે રીતે ઉંચા વ્યાજે નાના ધિરાણ કરી ગરીબ લોકોને ગંભીર આર્થિક શોષણ કરનાર અસામાજિક તત્વો વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે દાંડિયાબજાર સ્વામિનારાયણ મંદિર ખાતે ખાસ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરૂચ ડિવિઝનના ડીવાયએસપી સી. કે. પટેલ તેમજ એસઓજી પીઆઇ એ. એ. ચૌધરી તેમજ ભરૂચ એ ડિવિઝન, બી ડિવિઝન, સી ડિવિઝન, તેમજ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉપરાંત ભરૂચ નગરપાલિકા તેમજ પંજાબ નેશનલ બેન્કના અધિકારીની હાજર રહ્યાં હતાં. સેમિનારમાં જોડાયેલાં લોકોને વ્યાજખોરો વિરૂદ્ધ પ્રવૃત્તિ અંગે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત તેઓને નગરપાલિકા તેમજ બેન્કમાંથી સસ્તાદરે લોન મળી શકે છે તે અંગેની માહિતી અપાઇ હતી. વ્યાજખોરોના ત્રાસથી કોઇ પરેશાન હોય તો તેઓ કેવી રીતે ફરિયાદ આપી શકે તેની સમજણ પણ આપી હતી. જોકે,સેમિનારમાં એક પણ ફરિયાદ આવી ન હતી.

**DATE: 28/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### વ્યાજ વસુલાતની નવી એક પણ ફરિયાદ હાલ મળી નથી, લોકજાગૃતિનો પ્રયાસ

# અંકલેશ્વર શહેરમાં વ્યાજખોર વિરોધી ઝુંબેશના સંદર્ભમાં પોલીસનો લોકદરબાર કાર્યક્રમ યોજાયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના શેઠના હોલ ખાતે ડીવાયએસપી ની અધ્યક્ષતા હેઠળ વ્યાજખોરો વિરુદ્ધ ચલાવવામાં આવેલ ઝુંબેશ અંતર્ગત લોકદરબાર યોજાયો હતો.ડીવાયએસપી ડો. કુશલ ઓઝાની અધ્યક્ષતા હેઠળ શેઠના હોલ ખાતે ગેર કાયદેસર વ્યાજ વસુલાત કરતા શખ્સો વિરુદ્ધની ફરિયાદ ના નિકાલ અંગે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંકલેશ્વર સે ડિવિઝન .બી ડિવિઝન ,રૂરલ અને



જીઆઈડીસી પોલીસ મથક વિસ્તાર ના નાગરિકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.જે લોકો ધીરધાર પાસેથી ઉંચા વ્યાજે રૂપિયા લેતા હોય છે ત્યારે તે ઓ ને ખાનગી ધીરધારના બદલે બેન્કોમાંથી ઓછા વ્યાજે રૂપિયા કેવી રીતે મળી શકે તેની માહિતી પણ આપવામાં આવી હતી.આ લોકદરબારમાં બેંકના અધિકારીઓ ,નગરપાલિકા અને રેવન્યુ વિભાગના અધિકારીઓએ વિવિધ સ્કીમ અને લોન અંગે માહિતી આપી હતી.સાથે લોકો ની સમસ્યા સહિત ના પ્રશ્નો ના નિરાકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. વ્યાજ વસુલાતની નવી એકપણ ફરિયાદ પોલીસ વિભાગને મળી નથી.

**DATE: 28/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# સગીરાને ભગાડી જનાર આરોપીની ચેન્નાઈથી અટકાયત

અંકલેશ્વર તા. ૨૭

**અંકલેશ્વર શહેરના એક વિસ્તારની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જનાર આરોપીની પોલીસે અટકાયત કરી હતી.**

## સગીરાને પરિવારને સોંપવા માટે તજવીજ આરંભી

અંકલેશ્વરના સંજય નગરમાં રહેતો કલીમ ઉર્ફે સાજીદ નૌશાદ બાલવર અંકલેશ્વર નગરના એક વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની સગીરાને ગત તા. ૧૮ જુનના રોજ લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હતો.

આ અંગેની ફરિયાદ સગીરાના પરિવારજનોએ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકે નોંધાવતા પોલીસે મોબાઈલ લોકેશન સહિત અન્ય માધ્યમોની મદદ મેળવતા યુવક તેને ચેન્નાઈ લઈ ગયો હોવાની નક્કર માહિતી સાંપડી હતી. આથી એક પોલીસ ટુકડી ચેન્નાઈ દોડી ગઈ હતી અને યુવક તેમજ સગીરાને શોધી કાઢ્યા હતા.પોલીસની સક્રિયતાને કારણે ૮ દિવસના ગાળામાં બન્નેને ઝડપાય ગયા હતા.

સગીરાને પરીવારના સોંપવા માટે તજવીજ આરંભી હતી. પોલીસે સગીરાને ભગાડી જનાર કલીમ ઉર્ફે સાજીદ સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 29/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

કંપનીના માલિક સહિત 4 આરોપી સામે કોસંબામાં ફરિયાદ .

# પાનોલીથી ગોઠાણની ખાડીમાં કેમિકલ વેસ્ટ ઠાલવવા આવેલું ટેન્કર ઝડપાયું

ભાસ્કરન્યૂઝ | કોસંબા



ભરૂચ જિલ્લાની પાનોલી જીઆઈડીસીમાંથી કેમિકલ વેસ્ટ ભરી કોસંબાના ગોઠાણ પાસે ખાડીમાં ઠાલવવા માટે આવેલાં ટેન્કરને એલસીબીની ટીમે ઝડપી પાડયું છે. ખાડીમાં કેમિકલ ખાલવવા જતા ટેન્કરને શિયાલજ ગામની સીમમાં બાતમીના આધારે પકડાયું હતું. ટેન્કરમાંથી જોખમી 28 ટન ઝેરી કેમિકલ મળી આવ્યું હતું. ટેન્કર સાથે ડ્રાઈવર ક્લીનરની ધરપકડ કરી પૂછપરછ કરતાં તેમણે કેમિકલ વેસ્ટ પાનોલીની વેપવર્લ્ડ નામની કંપનીમાંથી ભર્યો હોવાની કબૂલાત કરી હતી.

સુરત તેમજ ભરૂચની જીપીસીબીની ઓફિસોની લાલિયાવાડી અને અધિકારીઓના મેળાપીપણાના કથિત આરોપો વચ્ચે અંકલેશ્વર અને પાનોલીમાંથી મોટા પ્રમાણમાં ઝેરી કેમિકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ કરવામાં આવી રહયો છે. આવા જ એક ઝેરી કેમિકલ ભરેલા ટેન્કરની માહિતી સુરત જિલ્લા ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફને મળી હતી. જેના આધારે એલસીબીના સ્ટાફે માંગરોળ તાલુકાના શિયાલજ ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર 48 ઉપર વોચ ગોઠવી હતી અને બાતમી વાળું ટેન્કર પસાર થતાં તેને અટકાવી તેમાં સવાર ડ્રાઈવર દિનેશ ઉર્ફે સંદીપ જોગરાણા અને ક્લીનર હરિભાઈ જોગરાણાને ઝડપી લીધાં હતાં. ટેન્કરમાં રહેલા કેમિકલના નમૂના તપાસ માટે મોકલવામાં આવતાં આ કેમિકલ માનવજાત તથા પર્યાવરણ માટે જોખમી હોવાનો રીપોર્ટ આવ્યો હતો. એલસીબીએ ડ્રાઈવર અને ક્લીનર સહીત ટેન્કર તથા કંપનીના માલિક સામે કોસંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## ઝેરી કેમિકલના નિકાલ માટેની કાર્યવાહી ખર્ચાળ

કેમિકલ અથવા કોઈપણ જાતનું ઉત્પાદન કરતી કંપનીઓને ઉત્પાદનમાંથી નીકળતા બેસને સરકાર અને પોલ્યુશન કંટ્રોલ બોર્ડના નિયમો અનુસાર તેના માટે બનાવેલા ખાસ પ્રકારના પ્લાન્ટમાં તેનો નિકાલ કરવાનો થાય છે. જેમાં ઝેરી કેમિકલથી પર્યાવરણને નુકસાન ન થાય તે પ્રમાણે તેને પ્રોસેસ કરી તેનો નિકાલ કરવામાં આવે છે. પરંતુ આ પ્રક્રિયા ખર્ચાળ હોઈ ગેરકાયદે રીતે તેનો નિકાલ કરાવે છે જેની સીધી અસર પર્યાવરણ અને માનવજાત પર થાય છે

## 28 ટન ઝેરી કેમિકલ મળી આવ્યું

ટેન્કરને અંકલેશ્વર ફેક્ટરીમાં કેમિકલ ભરવા માટે મોકલનાર ટેન્કર માલિક જયેશ જોગરાણા ( રહે.અમરોલી, સુરત) તથા વેપવર્લ્ડ કંપનીના માલિકે આ ટેન્કરની અંદર પોતાના બે માણસો સાથે ભેગા મળીને 28 ટન જેટલું કેમિકલ ભરાવ્યું હતું. પોલીસે ડ્રાઈવર અને ક્લીનરની તપાસ કરતાં તેમણે જણાવ્યું હતું કે પાનોલીથી આ કેમિકલ ભરીને તેઓ સુરત જિલ્લાના ગોથાણ ગામની હદમાંથી પસાર થતી ખાડીમાં તેનો નિકાલ કરવા માટે જવાના હતા.

**DATE: 29/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJRAT SAMACHAR PAGE-04**

### વ્યાજખોરો સામે લોકદરબાર બાદ કાર્યવાહી

# ભરૂચમાં ગેરકાયદે ઊંચા વ્યાજે નાણાં ધીરાણ કરનાર વ્યાજખોરની ધરપકડ

ભરૂચ,તા.૨૮

ભરૂચમાં ગઈકાલે જિલ્લા પોલીસ વિભાગ દ્વારા વ્યાજખોરો વિરુધ્ધ ઝૂંબેશના ભાગરૂપે લોકદરબાર યોજાયો હતો. જેનો પ્રારંભ થતાં જ આજે જરૂરિયાતમંદોને નાણાં ધીરી તેમની પાસેથી ઉંચુ વ્યાજ વસુલનાર વ્યાજખોરની પોલીસે ધરપકડ કરી હતી.

## મહિલાએ રૂ.૬૦ હજાર સામે રૂ.૪૨ હજાર ચૂકવી દીધા હોવા છતાં બાકીની રકમની ઉઘરાણી માટે ધમકી આપતો હતો

ભરૂચમાં જિલ્લા પોલીસ દ્વારા યોજાયેલા લોકદરબારમાં પોલીસ અધિકારીઓ દ્વારા અપાયેલી બાંયધરીને પગલે વ્યાજખોરોના શોષણનો ભોગ બની રહેલા લોકોમાં હિંમત આવી છે. જેના ભાગરૂપે શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં માલતી રાજેશભાઈ ધોરાવાલા (રહે. ધોળી કુઈ બજાર, બરાનપુરા, ખત્રીવાડ)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમણે પ્રફુલ ઉર્ફે ગણેશ ફરસુભાઈ મુસાવાલા પાસેથી રૂ.૬૦ હજાર વ્યાજે લીધા હતા. જે રકમ પૈકીના રૂ.૪૨ હજાર માસીક ૧૦ ટકા વ્યાજે ચુકવી દીધા હોવા છતાં બાકી નીકળતા નાંણા માટે પ્રફુલ મુસાવાલા દ્વારા તેમની સાથે બળજબરીપુર્વક માંગણી કરી ટાંટીયા ભાગી નાખવાની તથા મારી નાખવાની ધમકીઓ અપાતી હતી. પ્રફુલ મુસાવાલા પાસે નાણા ધીરધારનો પરવાનો હોવા છતાં તે સરકારે નક્કી કરેલા વ્યાજદર કરતા ઉંચુ વ્યાજ લેતો હોવાથી આ બાબતે એ ડીવીઝન પોલીસે મહિલાની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી પ્રફુલ મુસાવાલાની ધરપકડ કરી તેની સામે કાર્યવાહી હાથ ધરી છે.



**DATE: 30/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**



પાલેજના ડુંગલીપાળ વિસ્તારમાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસ ત્રાટકી હતી. (તસવીરઃઐયુબ મોદી)

# પાલેજના ડુંગલીપાળ વિસ્તારમાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસ ત્રાટકી

પાલેજ તા.૨૯ પાલેજના ડુંગલીપાળ વિસ્તારમાં દેશી દારૂની ધમધમતી ભઠ્ઠીઓ પર પોલીસે ત્રાટકી ૩૭૪૦ નાં મુદ્દા માલ સાથે એક મહિલા ની ધરપકડ કરી હતી.

## સ્થળ પરથી એક આરોપી મહિલાની ધરપકડ કરાઈ

પાલેજ ખાતે ને.હા. તરફ જતાં માર્ગની બાજુમાં આવેલી ડુંગળીપાળ વિસ્તારમાં છેક તળાવ કિનારાને લગોલગ ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓ ઉપર ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ પાલેજ પોલીસ સ્ટાફે શનિવારે બપોરે દરોડો પાડી દેશી દારૂની ગાળવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ ગાળતી અને ખુલ્લેઆમ દારૂનું વેચાણ કરતી મહિલા અમરતી બેન રામાભાઈ વસાવાની સામે કાયદેસર ની કાર્યવાહી કરી ધરપકડ કરી હતી.

પાલેજ માં દેશી દારૂના સપ્લાયરો અને ભઠ્ઠી ચલાવતાં બહાર થી લાવી વેચાણ કરતાં બુટલેગરોમાં નાસભાગ મચી અને સોંપો પડી ગયો હતો.પોલીસે બપોરે ૧૧:૩૦ વાગ્યાં દરિમયાન દેશી દારૂની ભઠ્ઠી ઉપર ત્રાટકી પાંચ મોટા પ્લાસ્ટિક નાં ડ્રમ ૩ સ્ટીલની ગાગર ૩ એલ્યુમિનિયમ તગારા,પતરાં નાં ડબ્બા,નળિયું લોખડ નાં પીપ ૧૦૩૦ લીટર વોસ ૨૨-૫ લીટર દેશી દારૂ સાથે તમામ તમામ દેશી દારૂની ભઠ્ઠીઓનો ઘટના સ્થળે નાશ કર્યો હતો સમગ્ર વિસ્તારોમાં પોલીસ ની કાર્યવાહી થી સોંપો પડી ગયો હતો.

DATE: 30/06/2024 CATEGORY: GREEN
E-PAPER GUJARAT MITRA PAGE-08

# નવા દિવા ગામે દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના દિવા ગામના શામજી ફળિયામાં રહેતા રોહિત મના વસાવાના ઘરમાંથી અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે રૂ.૪૪૬૦ના દારૂ સાથે બુટલેગરની અટકાયત કરી હતી. આ દારૂનો જથ્થો સપ્લાય કરનાર જૂના બોરભાઠા બેટના કિશન મના વસાવાને વોન્ટેડ જાહેર કરાયો હતો.

DATE: 30/06/2024 CATEGORY: GREEN
E-PAPER GUJARAT MITRA PAGE-08

# કઠવાડાનો લિસ્ટેડ બુટલેગર ઝડપાયો



હથોડાઃ અંકલેશ્વર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ઝડપાયેલા ઈંગ્લિશ દારૂના જથ્થામાં ગુનો દાખલ થયા બાદ છેલ્લા એક વર્ષથી પોલીસ પકડમાં નહીં આવી પોલીસને હંફાવી રહેલો કોસંબા પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કઠવાડા ગામનો લિસ્ટેડ બુટલેગર ધર્મેન્દ્ર ઉર્ફે ધમો ઠાકોર વસાવાને શનિવારે કોસંબા પોલીસે સાવા પાટિયા નજીક આવેલી સુરજિત હોટલ ખાતેથી ઝડપી પાડી જેલમાં ધકેલી અંકલેશ્વર પોલીસને જાણ કરી છે.

**DATE: 30/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### આમોદ પાલિકામાં ભંગારની હરાજી અંગે રજૂઆત કરી હતી

# વિજિલન્સ કમિશનરને ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી

## રૂા.૫.૫૦ લાખને બદલે રૂા.૩.૬૦ લાખ જમા કરાવ્યાનો આક્ષેપ

। જંબુસર ।

આમોદ નગરપાલિકા દ્વારા પાલિકાના ભંગારના સામાનની હરાજી કરવામાં આવી હતી.જેમાં પાલિકાના ભંગારની આવકમાંથી ૫.૫૦ લાખની આવક પ્રાપ્ત થઈ હતી. પરંતુ એજન્સી દ્વારા ૧૧ મે ૨૦૨૩ ના રોજ ૩.૬૦ લાખ જ ઓન લાઈન પાલિકાના ખાતામાં જમા કરાવ્યા હતા.પંરતુ બાકીની રકમ હજુ સુધી જમા કરવામાં આવી નથી. જે બાબતે વિપક્ષે પ્રાદેશિક નિયામક તેમજ વીજીલન્સ કમિશનરને કાર્યવાહી કરવા જણાવ્યું હતું.જેની પોલીસ તપાસની કાર્યવાહી શરૂ થતાં પાલિકા શાસકોમાં હડકંપ મચી જવા પામ્યો છે.

ત્યારે તપાસના કામે પોલીસે આમોદ નગર પાલિકાના જવાબદાર પદાધિકારી, કર્મચારી તેમજ અધિકારીઓના પણ નિવેદનો લઈ મક્કમ ગતિથી તપાસ આગળ વધારી છે. જેથી પાલિકાના તત્કાલીન પ્રમુખ સહિત જવાબદાર પદાધિકારીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

જો કે આમોદ નગરપાલિકાની ભંગારની હરાજી લેનાર એ.એમ. કોલસા વાલાએ ૧૪ મી માર્ચના રોજ આમોદ નગરપાલીકાના મુખ્ય અધિકારીને સંબોધી ભંગારની હરાજી બાબતે લેખિત ખુલાસો કર્યો હતો.જેમાં જણાવ્યું હતું કે ૩,૬૦,૯૩૩ રૂપિયા ઓનલાઈન જમા કરાવ્યા હતા.જ્યારે બાકીના ૧,૫૦,૦૦૦ રૂપિયા રોકડા તત્કાલીન પ્રમુખ મહેશભાઈ ધૂળાભાઈ પટેલ તેમજ કારોબારી અધ્યક્ષ બીજલ ભરવાડને આમોદ પાલિકા સદસ્ય અક્ષર પટેલ, નગર પાલિકા ઈજનેર તથા એકાઉન્ટન્ટની હાજરીમાં જમા કરાવ્યા હતા.ત્યારે આમોદ પાલિકાના ભંગારની હરાજીના રૂપિયા ૧.૫૦ લાખ કોણ લઈ ગયું તે બાબતે આમોદ પોલીસ હાલ ધીમી પણ મક્કમ ગતિથી તપાસ કરી રહી છે. અને ટૂંક સમયમાં જ જવાબદારો સામે પોલીસ ફરિયાદ પણ નોંધાશે તેમ આધાર ભૂત સૂત્રો તરફથી જાણવા મળ્યું છે.